# કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી-પોરબંદર

જિલ્લા સેવા સદન-૧, પ્રથમ માળ, રૂમ નં.૧૧૨, એરપોર્ટ સામે, પોરબંદર.

ફોન નં.૦૨૮૬૨૨૨૦૮૦૦ ફેકસ નં.૨૨૨૦૮૦૧,

Email:-collectorpbradm1@gmail.com, Web Site:-https://collectorporbandar.gujarat.gov.in


150 YEARS OF CELEBRATING THE MAHATMA

## - પ્રેસનોટઃ- (તા.૨૫/૦૭/૨૦૨૦) -

નોવેલ કોરોના વાઈરસ(covid-19)ના કારણે પોરબંદર જિલ્લામાં ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાઈરસને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને નોવેલ કોરોના વાઈરસ (covid-19) ના ઝડપી સંક્રમણને અટકાવવા તકેદારીના ભાગરૂપે નીચે મુજબ કામગીરી કરવામાં આવે છે.

- જિલ્લામાં અત્યાર સુધીમાં લેવાયેલ સેમ્પલ પૈકી **કુલ ૬૯** સેમ્પલો પોઝીટીવ આવેલ છે. જેમાં પોરબંદર જિલ્લાના કુલ **૪૭પોઝીટીવ** કેસ નોંધાયેલ છે. હાલમાં **કુલ ૧૫ એકટીવ** કેસ છે.
- તા. ૨૪/૦૭/૨૦૨૦નાં **૯૫ સેમ્પલ** પૈકી ૮૯ સેમ્પલના **રિપોર્ટ નેગેટીવ** આવેલ છે. જયારે **૦૫ સેમ્પલના** રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તેમજ **૦૧ સેમ્પલ રિજેક્ટ** થયેલ છે.
- તા. ૨૫/૦૭/૨૦૨૦ના **૯૩ સેમ્પલ** લેવામા આવેલ છે. જે પૈકી **૯૦ સેમ્પલ નેગેટીવ આવેલ છે.** જયારે **૦૩ સેમ્પલના** રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.
- અત્યાર સુધીમાં લેવામાં આવેલ **કુલ-૪૮૩૩** સેમ્પલ પૈકી **કુલ-૪૭૧૪ સેમ્પલ નેગેટીવ** આવેલ છે.
- હાલમાં સીવીલ હોસ્પિટલ પોરબંદર ખાતે આઈસોલેશન સ્થળ તરીકે જાહેર કરવામાં આવેલ છે. જેમાં **કુલ ૨૫૦** બેડ કેપેસિટી છે. **આઇસોલેશન વોર્ડ** ખાતે કુલ-**૮૬ વ્યક્તિ** રાખવામાં આવેલ જે પૈકી **૬૩ વ્યક્તિઓને ડિસ્ચાર્જ** કરેલ છે અને હાલ **૧૫ વ્યક્તિઓ સારવાર હેઠળ** છે.
- જિલ્લામાં વી.આર. ગોઢાણીયા ગર્લ્સ હોસ્ટેલ, જિલા ખેડૂત તાલીમ ભવન(એ.ટી.એમ.એ.), મહાત્મા ગાંધી કુમાર છાત્રાલય અને વનાણા એ.એન.એમ. ટ્રેનિંગ સ્કૂલ ખાતે જિલ્લા ક્વોરેન્ટાઇન સેન્ટર તરીકે કાર્યરત છે. જેમાં **કુલ ૩૨૭** બેડ કેપેસિટી છે.
- અત્યાર સુધીમાં **જિલ્લા ક્વોરેન્ટાઈન સેન્ટર** ખાતે તથા **પ્રાઈવેટ હોટલોને** મળી કુલ-**૫૯૫૭ વ્યક્તિઓને જિલ્લા ક્વોરેન્ટાઈન સેન્ટરમાં** રાખવામાં આવેલ જે પૈકી **૫૮૩૯ વ્યક્તિઓને ડિસ્ચાર્જ** કરેલ છે અને હાલ **૧૧૮ વ્યક્તિઓ નિરીક્ષણ હેઠળ** છે.
- જિલ્લામાં આદર્શ નિવાસી કન્યા છાત્રાલય અને કસ્તુરબા કન્યા છાત્રાલયને કોવીડ કેર સેન્ટર તરીકે જાહેર કરવામાં આવે છે. જેમાં કુલ ૧૧૬ બેડ કેપેસિટી છે. કોવીડ કેર સેન્ટર ખાતે **કુલ-૩૦ વ્યક્તિ** નિરીક્ષણ/સારવાર હેઠળ છે.
- જિલ્લાના **પોરબંદર, રાણાવાવ અને કુતિયાણા** તાલુકામાં **કુલ- ૭ ધન્વંતરી રથ કાર્યરત** છે. ધન્વંતરી રથ ખાતે **પ્રતિદિન ૫૦૦ વ્યકિતઓને સારવાર** અપાય છે. અત્યાર સુધીમાં **૫૫૨૮ વ્યકિતઓને સારવાર** અપાયેલ છે.
- હાલમાં **પોઝિટીવ કેસના રહેણાંક નજીકના ૩૧૩ રહેણાંકના ૧૦૭૧ વ્યક્તિઓ કન્ટેન્મેન્ટ ઝોનમાં ચકાસણી હેઠળ** છે.
- અત્યાર સુધીમાં હોમ ક્વોરન્ટાઈનમાં **કુલ-૧૫૮૧૧** વ્યક્તિઓ ચકાસણી હેઠળ રાખવામાં આવેલ હતા જે પૈકી **૧૩૬૪૪** વ્યક્તિઓનું હોમ ક્વોરન્ટાઈન પૂર્ણ થઈ ગયેલ છે.
- વ્યક્તિઓની તબીબી ચકાસણી માટે ડોર ટૂ ડોર સર્વે કરવાનો બે રાઉન્ડ પુર્ણ થયેલ છે. જયારે **ત્રીજા રાઉન્ડમાં** તા.૦૮/૦૫/૨૦૨૦ થી આજ દિન સુધી **૧,૧૦,૧૧૧ વ્યક્તિઓનો સર્વે કરવામાં** આવેલ છે.
- અત્યાર સુધીમાં જિલ્લામાં આવેલ જુદા-જુદા એન્ટ્રી પોઈન્ટ ઉપરથી સહિત કુલ **૨,૫૫,૨૬૧** વ્યકિતઓની સ્ક્રીનીંગ ચકાસણી કરવામાં આવેલ છે.

- અત્યાર સુધીમાં **બોટ** કવોરન્ટાઇનમાં કુલ **૩૨૬ વ્યક્તિ** ચકાસણી હેઠળ રાખવામાં આવેલ જે તમામ **૩૨૬** વ્યક્તિઓનું **બોટ** ક્વોરન્ટાઈન પૂર્ણ થઈ ગયેલ છે.
- અત્યાર સુધીમાં **સેલ્ફ** કવોરન્ટાઇનમાં કુલ **૩૫૫ વ્યક્તિ** ચકાસણી હેઠળ રાખવામાં આવેલ જે તમામ **૩૫૫** વ્યક્તિઓનું **સેલ્ફ** ક્વોરન્ટાઈન પૂર્ણ થઈ ગયેલ છે.
- પોરબંદર જિલ્લાના જે વિસ્તારમાં કોરાના વાયરસ પોઝીટીવ આવેલ છે, તેવા કુલ વિસ્તાર (૧) પોરબંદર-૨૩ (૨) રાણાવાવ-૧ (૩) કુતિયાણા-૧ માં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદરના જાહેરનામાથી **કન્ટેન્મેન્ટ ઝોન વિસ્તાર** જાહેર કરવામાં આવેલ છે.
- જાહેર જગ્યાએ માસ્ક ન પહેરવા બદલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદરના હુકમનો ભંગ કરવા સબબ Indian Penal Codeની કલમ ૧૮૮ તળે તથા Epidemic Diseases Act, 1897ને આધિન **અત્યાર સુધીમાં કુલ- ૧૮,૫૧,૯૦૦ /-રૂપિયાનો દંડ વસૂલ કરવામાં** આવેલ છે.
- તા.૨૪/૦૭/૨૦૨૦ના રોજ દિવસ દરમ્યાન **પોલીસ વિભાગ** દ્વારા જાહેરમાં માસ્ક ન પહેરવા અને જાહેરમાં થૂંકવા બદલ **કુલ-૩૧૩** વ્યક્તિઓ પાસેથી **કુલ-૬૨,૯૦૦/- રૂપિયાનો** દંડ વસુલ કરવામાં આવેલ છે.

**sd/-**
**નિવાસી અધિક કલેકટર**
**જિલ્લો પોરબંદર**

**પ્રતિ,**
સહાયક માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, જિલ્લા સેવા સદન-૨, પોરબંદર.